# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-08-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

***********************************************************************

- ✓ પ્રધાનમંત્રી જન ધન યોજના- PMJDY વિશ્વની સૌથી મોટી નાણાકીય સર્વસમાવેશી યોજના બની..
- ✓ પશ્ચિમ બંગાળમાં ભાજપ દ્વારા બંધના એલાનને મિશ્ર પ્રતિસાદઃ કેટલાંક વિસ્તારોમાં હિંસાની ઘટના બની..
- ✓ વકફ બિલ અંગેની સંયુક્ત સંસદીય સમિતિએ જાહેર જનતા, એનજીઓ અને હિતધારકો પાસેથી અભિપ્રાય અને સૂચનો મગાવ્યા..
- ✓ વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર અને ચિલીના વિદેશમંત્રી આજે નવી દિલ્હીમાં બીજી ભારત-ચિલી જોઇન્ટ કમિશનની બેઠકની સહ-અધ્યક્ષતા કરશે..
- ✓ કચ્છ- સૌરાષ્ટ્રનાં જિલ્લાઓમાં અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી- મુંબઇથી ગુજરાત તરફની કેટલીક એક્સપ્રેસ ટ્રેન રદ કરાઈ...

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PMJDY

પ્રધાનમંત્રી જન ધન યોજના- PMJDY વિશ્વની સૌથી મોટી નાણાકીય સર્વસમાવેશી યોજના બની છે, જેમાં 53 કરોડ 14 લાખ લાભાર્થી અને બે લાખ 31 હજાર 236 કરોડની કુલ થાપણ જમા થઈ છે, એમ સરકારે બુધવારે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 28 ઓગસ્ટ, 2014નાં રોજ આ યોજના શરૂ કરી હતી.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, PMJDYના ખાતાઓ માર્ચ 2015માં 15 કરોડ 67 લાખથી વધીને 14મી ઓગસ્ટ સુધીમાં 53 કરોડ 14 લાખ થયા હતા. કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, નાણાકીય સમાવેશિતા અને સશક્તિકરણ હાંસલ કરવા માટે ઔપચારિક નાણાકીય સેવાઓ સાર્વત્રિક અને સુગમ બનાવવી જરૂરી છે. આનાથી ગરીબો આર્થિક મુખ્યધારામાં આવે છે અને તે વંચિત સમુદાયોનાં વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જનધન યોજનાના 10 વર્ષ પૂર્ણ થવા પ્રસંગે લાભાર્થીઓ અને યોજનાને સફળ બનાવવામાં યોગદાન આપનારને શુભેચ્છાઓ પાઠવી છે.

# TRAI-SPAM

ટેલિકોમ રેગ્યુલેટરી ઑથોરિટી ઑફ ઇન્ડિયા (TRAI)ના અધ્યક્ષ અનિલકુમાર લાહોટીએ ગેરમાર્ગે દોરનારા સંદેશ અને ફોન કૉલની સમસ્યાનો સામનો કરવા માટે સંયુક્ત પ્રયાસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. TRAIએ ગઈકાલે નવી દિલ્હીમાં ગ્રાહકોને સ્પેમ કૉલ્સ અને કપટપૂર્ણ સંદેશના નુકસાનથી બચાવવા નિયમનકારી સંયુક્ત સમિતિની બેઠક યોજી હતી. ટેલિકોમ સંશાધનોનો ઉપયોગ કરીને છેતરપિંડીને નિયંત્રિત કરવા નિયમનકારો વચ્ચે માહિતીના વિનિમયમાં વધારો કરવા અંગે પણ બેઠક દરમિયાન ચર્ચા કરવામાં આવી હતી.

# JAY SHAH - ICC CHAIRMAN

BCCIના વર્તમાન માનદ સચિવ જય શાહને ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ- ICCના સ્વતંત્ર અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટવામાં આવ્યા છે. તેઓ અધ્યક્ષ પદ માટે એકમાત્ર નોમિની હતા. તેઓ આ વર્ષે પહેલી ડિસેમ્બરે તેમનું પદ સંભાળશે. 35 વર્ષના જય શાહ આ હોદ્દો સંભાળનાર યુવા અધ્યક્ષ છે.

20મી ઓગસ્ટનાં રોજ જાહેરાત કરવામાં આવી હતી કે, ICCના વર્તમાન અધ્યક્ષ ગ્રેગ બારકલે ત્રીજી મુદત નહીં માંગે અને નવેમ્બરમાં તેમની મુદત પૂર્ણ થયે રાજીનામું આપશે.

# WEST BENGAL BANDH

ભારતીય જનતા પાર્ટીએ આપેલા 12 કલાકના બંધ દરમિયાન પશ્ચિમ બંગાળનાં વિવિધ વિસ્તારોમાં તંગદિલી વ્યાપી હતી. ઉત્તર 24 પરગણા જિલ્લાના ભાટપાડામાં બે જૂથો વચ્ચે ગોળીબારની ઘટના બની હતી, જેમાં ભારતીય જનતા પાર્ટીના ત્રણ સમર્થકોને ઇજા થઈ હતી. જેમાં એકની સ્થિતિ ગંભીર છે. ઉત્તર દિનાજપુરમાં આગચંપીની ઘટના બની હોવાનાં સમાચાર છે.

કુચબિહારમાં ભાજપના બે ધારાસભ્યોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.  રાજ્યમાં બંધની મિશ્ર અસર જોવા મળી રહી છે. સવારનાં સમયમાં ટ્રેનોની અવરજવર પર અસર પડી હતી. કેટલીક દુકાનો બંધ રહી છે.

ઉલ્લેખનીય છે કે, આરજી કર મેડિકલ કોલેજનાં ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યાને પગલે રાજ્યમાં સ્થિતિ તંગદિલીભરી છે. ગઈ કાલે વિદ્યાર્થીઓએ આ ઘટનાના વિરોધમાં નબન્ના માર્ચ યોજી હતી. વિદ્યાર્થીઓ પર કથિત દમનનાં વિરોધમાં ભાજપે આજે 12 કલાકનું રાજ્ય બંધનું એલાન આપ્યું છે, જેનો શાસક તૃણમુલ કોંગ્રેસે વિરોધ કર્યો છે.

કોઈ પણ અપ્રિય ઘટનાનો સામનો કરવા માટે સલામતીનો ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

# RS ELECTION

રાજ્યસભાની ચૂંટણીમાં ગઈ કાલે ભારતીય જનતા પાર્ટીના નવ, એનડીએના ઘટક પક્ષોના બે અને કોંગ્રેસના અભિષેક મનુ સિંઘવી બિનહરીફ વિજેતા જાહેર થયા છે.

બિનહરીફ ચૂંટાયેલા ભાજપના ઉમેદવારોમાં આસામમાંથી મિશન રંજન દાસ અને રામેશ્વર તેલી, બિહારમાંથી મનન કુમાર મિશ્રા, હરિયાણામાંથી કિરણ ચૌધરી, મધ્ય પ્રદેશમાંથી જ્યોર્જ કુરિયન, મહારાષ્ટ્રમાંથી ધીર્યા શીલ પાટીલ, ઓડિશામાંથી મમતા મોહંતા, રાજસ્થાનમાંથી રવનીત સિંહ બિટ્ટુ અને ત્રિપુરાથી રાજીવ ભટ્ટાચારજીનો સમાવેશ થાય છે.

કોંગ્રેસના અભિષેક મનુ સિંઘવી તેલંગાણા, એનસીપી-અજીત પવાર જૂથના નિતિન પાટીલ મહારાષ્ટ્ર અને આરએલએમના ઉપેન્દ્ર કુશવાહા બિહારથી રાજ્યસભામાં ચૂંટાયા છે.

## JESALMER PAK BORDER

રાજસ્થાનમાં જેસલમેર પાસેની ભારત-પાકિસ્તાન સરહદ જોવી હવે સરળ બની ગયું છે. સરહદ સલામતી દળ- બીએસએફે વેબસાઈટ બનાવીને ઓનલાઈન ઈ-પાસ બનાવવાની સુવિધા શરૂ કરી છે,

ઓનલાઈન ઈ-પાસ વિશે માહિતી આપતાં બીએસએફના ડીઆઈજી નોર્થ સેક્ટર યોગેન્દ્ર સિંહ રાઠોડે કહ્યું કે, હવે સરહદ પર જવા માટે જરૂરી પાસ મેળવવા માટે તનોટ માતાના મંદિરે લાઇનમાં ઉભા

રહેવાની જરૂર નથી. તનોટ માતા ટ્રસ્ટે વેબસાઈટ બહાર પાડી ઈ-પાસ બનાવવાની સુવિધા શરૂ કરી છે.

www.shritanotmata mandir trust.com પર ઇ-પાસ આપવામાં આવશે

ઉલ્લેખનીય છે કે દર વર્ષે હજારો સ્થાનિક પર્યટકો જેસલમેરના તનોટ માતા મંદિરથી લગભગ 20 કિલોમીટર દૂર બબલિયાન ચોકી જોવા માટે જેસલમેર આવે છે. પ્રવાસીઓએ આ વેબસાઈટ પર જઈને ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

# JPC WAQF- SUGGESTION

સંસદની સંયુક્ત સમિતિએ વક્ફ સુધારા ખરડા, 2024 અંગે જાહેર સંસ્થાઓ, સ્વયં સેવી સંસ્થાઓ, નિષ્ણાતો સહિતના હિત ધારકોને ખરાડામા સુધારા અંગેના સૂચનો મોકલવા જણાવ્યું છે. લોકસભા સચિવાયલ દ્વારા જાહેર અખબારી યાદીમાં જણાવાયું છે કે, હિત ધારકો સંસદીય સમિતિને મોકલવાના આ સૂચનો અંગ્રેજી અથવા હિન્દી ભાષામાં સંયુક્ત સચિવ, લોકસભા સચિવાલયના સરનામે મોકલી શકે છે. જાહેરાત આપ્યાના 15 દિવસ સુધીમાં આ સૂચનો મોકવાના રહેશે. સૂચનોનો રેકોર્ડ બનશે અને તેમને ગોપનીય રાખવામા આવશે.

વક્ફ સુધારા ખરડો 2024 લોકસભાની સત્તાવાર વેબાસાઇટ પર ઉપલબ્ધ છે. ગત ચોમાસુ સત્રમાં તેને સંસદમાં રજૂ કરાયા બાદ તેને

સંસદની સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યું હતું. આ સમિતિ સંસદના શિયાળુ સત્રના પ્રથમ સપ્તાહે ખરડા અંગે ગૃહમાં અહેવાલ રજૂ કરશે.

## KEJRIWAL-JUDICIAL CUSTODY

કથિત શરાબ નિતી કૌભાંડ સંલગ્ન સીબીઆઇ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ત્રીજી સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. શ્રી કેજરીવાલને તિહાડ જેલમાંથી વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા રાઉઝ એવન્યુ કોર્ટના વિશેષ ન્યાયમૂર્તિ કાવેરી બાવેજા સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા.

## CHILLE FM MEETING

વિદેશ મંત્રી ડોક્ટર એસ. જયશંકર અને ચિલીના વિદેશી મંત્રી આજે નવી દિલ્હીમાં બીજી ભારત-ચીલી જોઇન્ટ કમિશનની બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. આ ઉપરાંત, શ્રી ક્લેવરેન આજે ચિલી-ઈન્ડિયા બિઝનેસ (એગ્રીકલ્ચર) સમિટમાં પણ ભાગ લેશે અને બાદમાં મુંબઈ જવા રવાના જશે. ચીલીના વિદેશ મંત્રી આલ્બર્ટો વાન ક્લેવરેન ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા છે.

લેટિન અમેરિકન ક્ષેત્રમાં ચિલી ભારતનું મુખ્ય ભાગીદાર છે. શ્રી ક્લેવરેનની આગામી મુલાકાત બંને પક્ષોને દ્વિપક્ષીય સંબંધોમાં

પ્રગતિની સમીક્ષા કરવાની અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરીને સહકાર માટે નવા માર્ગો શોધવાની તક પૂરી પાડશે.

# WEATHER

હવામાન વિભાગે આગામી 48 કલાક માટે ગુજરાતનાં કેટલાંક જિલ્લામાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગે અમદાવાદ, વડોદરા સહિતનાં કેટલાંક જિલ્લામાં પુરનું જોખમ હોવાની પણ ચેતવણી આપી છે.

રાજ્યમાં નીચાણવાળા વિસ્તારોમાંથી 23 હજાર લોકોનું સલામત સ્થળોએ સ્થળાંતર કરવામાં આવ્યું છે અને 1600 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હાલ રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. દરમિયાન, છેલ્લાં 24 કલાકમાં દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકામાં સૌથી વધુ ૧૮ ઇંચ  વરસાદ વરસ્યો છે. જ્યારે, સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માત્ર ૨૪ કલાકમાં ૧૨ ઈંચથી વધુ, જામનગર જિલ્લામાં ૧૧ ઈંચથી વધુ અને પોરબંદર જિલ્લામાં ૯ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે ટેલિફોન પર વાત કરીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન દેશનાં પશ્ચિમ, મધ્ય અને તટીય ભાગોમાં અતિ ભારે વરસાદની આગાહી

કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન દેશનાં ઉત્તર પશ્ચિમી ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

## MUMBAI-TRAIN

વડોદરામાં અતિ ભારે વરસાદને કારણે મુંબઇથી ગુજરાત તરફની કેટલીક એક્સપ્રેસ ટ્રેનો રદ કરવામાં આવી છે, જેમાં સૌરાષ્ટ્ર એક્સપ્રેસ, લોકશક્તિ એક્સપ્રેસ અને સૌરાષ્ટ્ર મેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાણકપુર એક્સપ્રેસ, ભગત કી કોઠી એક્સપ્રેસ અને જયપુર એક્સપ્રેસનો સમય બદલવામાં આવ્યો છે. આ ટ્રેનો મોડી ઉપડશે.

આ ફેરફારથી અજાણ અનેક મુસાફરોને અગવડ પડી રહી છે. તેઓ વેસ્ટર્ન લાઇનનાં બોઇસર અને પાલઘર સ્ટેશનો પર ટ્રેનોની રાહ જોઈ રહ્યા છે.

## DAY PARALYMPIC

પેરિસમાં આજથી પેરાલિમ્પિક્સ ગેમ્સનો પ્રારંભ થશે. પહેલી વાર ફ્રાન્સ સમર પેરાલિમ્પિક્સનું આયોજન કરી રહ્યું છે. આ પેરાલિમ્પિક્સની ઑપનિંગ સેરેમની આજે ભારતીય સમય અનુસાર રાત્રે સાડા 11 વાગ્યે શરૂ થશે. ગેમ્સની આ આવૃત્તિમાં કુલ 84 ભારતીય પેરા એથ્લેટ ભાગ લેશે. પેરાલિમ્પિક્સના ઈતિહાસમાં આ ભારતની સૌથી મોટી

ટીમ છે. ભારત નિર્ધારિત 22માંથી 12 રમતમાં ભાગ લેશે. શૉટ-પૂટ સ્ટાર અને 2022 એશિયન પેરાગેમ્સ સિલ્વર મેડલ વિજેતા ભાગ્યશ્રી જાધવ, જેવલિન સ્ટાર અને શાસક વિશ્વ-વિક્રમધારક સુમિત એન્ટિલને પેરાલિમ્પિક્સ માટે ભારતના ધ્વજવાહક તરીકે નિયુક્ત કરાયા છે. ઉલ્લેખનીય છે કે, પેરિસ 2024 પેરાલિમ્પિક્સ 9 સપ્ટેમ્બરના રોજ સમાપન સમારોહ સાથે સમાપ્ત થશે.

## INDIA - MPOX

ભારતે મંકીપોક્સ વૈરાસની ચકાસણી માટે સ્વદેશી RT-PCR ટેસ્ટ કીટ વિકસાવી છે. કેન્દ્રીય ઔષધિ માનક નિયંત્રણ સંગઠને આ વાયરલ રોગ માટે સિમેન્સ હેલ્થિનિયરની RT-PCR કીટને મંજૂરી આપી છે. તેનો ઉપયોગ I.M.D.X.A મંકીપોક્સનું નિદાન કરવા માટે કરવામાં આવશે. આ કીટ દ્વારા માત્ર ચાલીસ મિનિટમાં પરિણામ મેળવી શકાય છે, જે અન્ય પરીક્ષણ પદ્ધતિઓ કરતા ઝડપી છે. પરંપરાગત પરીક્ષણ પદ્ધતિઓમાં, આ રોગનું નિદાન કરવામાં એકથી બે કલાકનો સમય લાગે છે.

ઉલ્લેખનીય છે કે આફ્રિકાના ઘણા ભાગોમાં મંકીપોક્સના કેસોની ઘટના અને ફેલાવાને ધ્યાનમાં રાખીને, વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ રોગચાળાને આંતરરાષ્ટ્રીય જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે. સંસ્થાના જણાવ્યા અનુસાર, વર્ષ 2022 થી, વિશ્વના 116 દેશોમાંથી 99 હજારથી

વધુ કેસ નોંધાયા છે અને આ રોગચાળાને કારણે 208 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.